**ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ**

૬ઠો માળ, ગિફ્ટ વન, રોડ ૫-સી, ઝોન-૫, ગિફ્ટસીટી, ગાંધીનગર,-૩૮૨૩૫૫

ગુજરાત: **ઇ-મેઇલ :** gerc@gernin.org **, Web Site :** www.gercin.org

# જાહેર નોટિસ

**ટેરિફ આધારિત પ્રતિસ્પર્ધી બોલી (TBCB) અંતર્ગત અંતર-રાજ્ય પારેષણ પરિયોજનાઓના વિકાસ માટે એક સીમા નક્કી કરવા માટે Suo-Motu પીટીશન નં . ૨૧૭૧/૨૦૨૩**

માનનીય સર્વોચ્ચ અદાલતે સિવિલ અપીલ નંબર ૧૯૩૩/૨૦૨૨ માં તા:૨૩-૧૧-૨૦૨૨ ના તેના ચુકાદા દ્વારા તમામ રાજ્ય વિદ્યુત નિયંત્રક આયોગોને પરિયોજના માટે ટેરિફ આધારિત પ્રતિસ્પર્ધી બોલી (TBCB) હેઠળ પારેષણ શુલ્ક (ટ્રાન્સમીશન ટેરિફ) તથા એક સીમા નક્કી કરવા માટે વિનિયમો/દિશા નિર્દેશ બનાવવાનો નિર્દેશ આપેલ છે. નામદાર આયોગે તા:૨૮-૦૧-૨૦૧૬ ની રાષ્ટ્રીય ટેરિફ નીતિના કલોઝ ૫.૩ અનુસાર ટેરિફ આધારિત પ્રતિસ્પર્ધી બોલી (TBCB) હેઠળ અંતર-રાજ્ય પારેષણ પરિયોજનાઓના વિકાસ માટે એક મર્યાદા નક્કી કરવા માટે **Suo-Motu કાર્યવાહી શરૂ કરવાની દરખાસ્ત કરી છે.**

આ સંદર્ભમાં Suo-Motu પીટીશન નં. ૨૧૭૧/૨૦૨૩ આયોગની વેબસાઇટ (www.gercin.org) ઉપર તા: **૧૦/૦૨/૨૦૨૩** ના રોજ અથવા તે પહેલાં રસ ધરાવનાર વ્યક્તિઓ પાસેથી સૂચનો મેળવવા હેતુસર મૂકવામાં આવેલ છે.

આ સાથે સૂચિત કરવામાં આવે છે કે જે વ્યક્તિઓ Suo-Motu પીટીશન અંગે પોતાના સૂચનો/ટિપ્પણીઓ કરવા રુચિ ધરાવે છે, તેઓએ તેમની સૂચનો/ટિપ્પણીઓ મોકલી અથવા તો તે સચિવ શ્રી, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ, છઠ્ઠો માળ, ગિફ્ટ-૧ ટાવર, રોડ-૫-સી, ઝોન-૫, ગિફ્ટ સિટી, ગાંધીનગર–૩૮૨૩૫૫ પર મોકલી ને રજૂ કરી શકે છે. તદુપરાંત આ સંબંધમાં જાહેર સુનાવણી તા **૧૭/૦૨/૨૦૨૩ ના રોજ સવારે ૧૧:૩૦** કલાકે વિડિયો કોન્ફરસિંન્ગ દ્વારા તથા નામદાર આયોગની ગાંધીનગર ખાતેની કચેરીએ રાખવામાં આવેલ છે. રસ ધરાવનાર વ્યક્તિઓ જાહેર સુનવણી દરમ્યાન આયોગ સમક્ષ પોતાના પ્રતિભાવ રજુ કરી શકશે.

**- સહિ -**

**(રૂપવંત સિંહ, IAS)**

**સચિવ**

**ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ**

**ગાંધીનગર, ગુજરાત**

સ્થળ : ગાંધીનગર

તારીખ: ૧૦/૦૧/૨૦૨૩